**શૈક્ષણિક / બિન શૈક્ષણિક શિક્ષક કર્મચારીઓ ચૂંટણીમાં ઉભા રહી શકશે.**
**પ્રત્યક્ષ / પરોક્ષ રાજકારણમાં ભાગ લઈ શકશે.**

(૨) આચારસંહિતા અન્વયે રાજકારણમાં કોઈપણ પ્રકારે ભાગ લેવા અંગે મૂકેલ પ્રતિબંધનો અમલ મોકૂફ રાખવા અંગે

શિક્ષણ વિભાગ, સુધારા ક્રમાંક : મશબ-૧૦૮૮/૨૯૫૮-છ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૬-૦૯-૧૯૯૨

**સુધારો :** બિનસરકારી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓને આચારસંહિતા લાગુ પાડવા બાબતના સરકારના તા. ૨૦-૦૫-૧૯૯૨ ના ઠરાવ ક્રમાંક : મશબ/૧૦૮૮/૨૯૫૮/છ પરિશિષ્ટ-૧ વિનિયમ ૨૭ (અ) (૧) (૩) એસ.એસ.સી./એચ.એસ.સી.ના નબળાં પરિણામો માટેની જવાબદારી શૈક્ષણિક સ્ટાફની રહેશે, અને વિનિયમ ૨૭ (અ) (૧) (૫) (૧) "રાજકારણ અને ચૂંટણીમાં ભાગ લેવા બાબત એટલે કોઈપણ શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારી કોઈપણ રાજકીય પક્ષનો અથવા સામાન્ય રીતે રાજકારણમાં ભાગ લેતા કોઈપણ સંગઠનનો સભ્ય થઈ શકશે નહિ તેમજ બીજી કોઈ રીતે તેની સાથે સંબંધ રાખી શકશે નહિ કે કોઈપણ રાજકીય ચળવળ અથવા પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે નહિ કે બીજી રીતે મદદ કરી શકશે નહિ,' અને (૫) (૨) "કોઈપણ શૈક્ષણિક- બિનશૈક્ષણિક કર્મચારીથી કોઈપણ વિધાનમંડળ અથવા સ્થાનિક તંત્રની ચૂંટણીમાં ઊભા રહી શકશે નહિ કે સીધી યા આડકતરી રીતે પ્રચાર કરી શકશે નહિ કે તેમાં ડખલગીરી કરી શકશે નહિ કે બીજી કોઈપણ રીતે પોતાની વગનો ઉપયોગ કરી શકશે નહિ કે તેમાં ભાગ લઈ શકશે નહિ." તે પ્રમાણે જે જોગવાઈ કરવામાં આવી છે તેનો અમલ અન્ય હુકમો થાય ત્યાં સુધી મોકૂફ રાખવામાં આવે છુ .

ગુજરાતરાજયના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, બા. છ. યાદવ
ઉપસચિવ, શિક્ષણ વિભાગ